www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Wednesday 21 June 2017 – Morning

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

### INSTRUCTIONS TO CANDIDATES

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the barcodes.

### INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2017 [K/500/8404]
DC (NH) 145934/1
OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening**

**Laughter Therapy**

**Listen to the podcast about Laughter Therapy and answer the following questions IN ENGLISH.**
**[6 marks]**

**(a)** What have researchers found out about health in our society?

............................................................................................................................... **[1]**

**(b)** What drives people away from conventional medicines?

**(i)** ............................................................................................................................... **[1]**

**(ii)** ............................................................................................................................... **[1]**

**(c)** What are we told about happiness hormones?

**(i)** ............................................................................................................................... **[1]**

**(ii)** ............................................................................................................................... **[1]**

**(d)** How do we know that Laughter Therapy has become very popular?

............................................................................................................................... **[1]**

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૨ : શ્રવણ

## ભોજનની આદતો

રેડિયો પર ભોજનની આદતો વિશે એક કાર્યક્રમ સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.

[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]

(ક) ભારતમાં ભોજન પીરસવાની રીત કેવી રીતે બદલાઈ છે?

(i) ................................................................................[૧]

(ii) ................................................................................[૧]

(ખ) વસ્તુઓના પુનઃ ઉપયોગ વિશેનો અભિગમ જણાવતી **ત્રણ** વિગતો આપો.

(i) ................................................................................[૧]

(ii) ................................................................................[૧]

(iii) ................................................................................[૧]

(ગ) પહેલાના સમયમાં જમણવારોમાં શાંતિથી જમવું શા માટે શક્ય હતું?

................................................................................[૧]

(ઘ) તે સમયે શા માટે બગાડ ઓછો થતો?

................................................................................[૧]

(ચ) સરલાબેનના મત મુજબ કેટલાક યજમાનો હવે શા માટે બુફે ભોજનનો આગ્રહ રાખે છે?

(i) ................................................................................[૧]

(ii) ................................................................................[૧]

(iii) ................................................................................[૧]

(iv) ................................................................................[૧]

© OCR 2017

www.xtrapapers.com



(છ) સરલાબેનના કહેવા પ્રમાણે, ઊભા ઊભા જમવાના ક્યા ફાયદાઓ છે?

(i) ..........................................................................................................................[૧]

(ii) ..........................................................................................................................[૧]

(જ) આપણે કઈ રીતે કહી શકીએ કે સરલાબેનને ભોજનમાં વ્યાવસાયિક રસ છે?

(i) ..........................................................................................................................[૧]

(ii) ..........................................................................................................................[૧]

(ઝ) મનુભાઈના મત મુજબ, શા માટે લોકો બધું જ ખાવાનું એક સાથે પોતાની થાળીમાં લઈ લેતા હોય છે?

(i) ..........................................................................................................................[૧]

(ii) ..........................................................................................................................[૧]

(ટ) અનાજનો બગાડ અટકાવવા માટે મનુભાઈ તેમની મિજબાનીઓમાં શું કરે છે?

(i) ..........................................................................................................................[૧]

(ii) ..........................................................................................................................[૧]

(ઠ) સરલાબેનને બદલાતા ભારતીય સમાજ વિશે ચિંતાઓ છે એમ ક્યા પુરાવાઓને આધારે કહી શકાય?

(i) ..........................................................................................................................[૧]

(ii) ..........................................................................................................................[૧]

(iii) ..........................................................................................................................[૧]

© OCR 2017

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 15 minutes*

**In Section B there are 10 marks for quality of language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "જીવનની સાંજ " પર આધારિત છે.**

**ગુજરાતી સમાજની પત્રિકામાં છપાયેલો નીચેનો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### જીવનની સાંજ

૧ ભારતીય પરિવારોનું કેન્દ્રબિંદુ છે ઘરના વડીલો કારણકે તેઓ કોઈ પણ અપેક્ષા વગર પોતાના પરિવારને ઉછેરે છે. સંતાનોને પ્રેમ,આશીર્વાદ, માર્ગદર્શન, પ્રેરણા તથા સારા સંસ્કારો આપી ઉત્તમ નાગરિક બનાવવામાં તેમનું આખું જીવન સમર્પિત કરતાં હોય છે. તેથીજ ભારતીય સંસ્કૃતિમાં વડીલો તથા વૃધ્ધોને સદાય માન આપવાનો મહિમા છે જેમના તેઓ હક્દાર છે.

૨ હજી પણ એવા ઘણા કુટુંબોમાં છે જ્યાં નાની ઉંમરના સભ્યો પરિવારના મોટાઓના ચરણ સ્પર્શ કરી પોતાના દિવસની શરૂઆત કરે છે. પરિવારના દરેક અગત્યના નિર્ણયો માટે વડીલોની સલાહ લેવી જરૂરી હોય છે અને તેમના નિર્ણયને માન આપવામાં આવે છે. કહેવાય છે ને કે કોઈ પણ મુસીબતોમાંથી નીકળવાનો માર્ગ ઘરના અનુભવી વડીલ જરૂર દેખાડી શકે. આવા વડીલો જ્યારે વૃધ્ધાવસ્થાને આરે પહોંચે, બીમારીઓનો ભોગ બને કે પછી યાદશક્તિ ગુમાવી દે ત્યારે આખોયે પરિવાર તે સમયે એકત્રિત થઈ વારાફરતી તેમનું ધ્યાન રાખે. સમાજ પણ એવી અપેક્ષા રાખે છે કે વડીલોએ જે પ્રેમ, લાગણી ને હૂંફ બાળકોને આપ્યા હતા તેજ રીતે બાળકો પણ પરિવારના વૃધ્ધોનું ધ્યાન રાખે. એટલે ઘરડા ઘરનો વિચાર ભારતીય સમાજમાં અસ્તિત્વમાં પહેલાં ન હતો, પણ હવે સમય બદલાયો છે.

3 ભારતમાં વસતા સંયુક્ત કુટુંબો બ્રિટનમાં આવ્યા બાદ વેપાર, નોકરી કે ભણતરની તકોને કારણે વિભક્ત બન્યા છે. તેમ છતાં યુ.કે.માં એશિયન ઘરડા ઘરોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. વૃધ્ધ લોકોની સંભાળ રાખનારાઓને સરકાર પણ સમર્થન તેમજ પ્રોત્સાહન આપે છે. તેમને તથા બીમાર વૃધ્ધોને સાંસ્કૃતિક રીતે યોગ્ય હોય તેવી સેવાઓ પૂરી પાડે છે તથા તેમને આર્થિક મદદ પણ કરે છે જેથી લોકોને વૃધ્ધાશ્રમોમાં જવું ન પડે. તેમ છતાં જો તે વડીલની તબિયત અત્યંત બગડે તો તેમને નર્સિંગ હોમમાં મૂકવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી હોતો.

www.xtrapapers.com



૪ અન્ય સમાજોની સહુથી મોટી સમસ્યા છે અત્યંત એકલવાયું જીવન જીવતા વૃધ્ધોની વધતી જતી સંખ્યા. તેના ઘણા કારણો હોઈ શકે. દાખલા તરીકે બાળકો દૂર રહેતાં હોય કે પરિવારો ટૂટી ગયા હોય. કદાચ તે વૃધ્ધોની સાથે વાત કરવાવાળું કે તેમનું દુઃખ સાંભળવાવાળું અથવા તેમનું ધ્યાન રાખવાવાળું કોઈ નથી હોતું. આથી તેઓ ન છૂટકે વૃધ્ધાશ્રમોમાં જાય છે અને એ જ તેમનું ઘર બને છે. આવા એકલવાયા વડીલોને પ્રેમ આપી, તેમની સંભાળ રાખી અને તેમને પોતાના પરિવારનો હિસ્સો બનાવવાથી તેમની પીડા ઓછી કરી શકાય. આમ છતાં કેટલાક વડીલો એવા પણ હોય છે જેઓને આ પ્રકારના " ઓલ્ડ પીપલ્સ હોમમાં" રહેવાનું ગમે છે. આવા જ એક મુરબ્બી છે શ્રી.જગદીશભાઈ જેમને મન તેમનું " હોમ" એ જ તેમની દુનિયા છે. તેમના શબ્દોમાં કહીએ તો, "ત્યાં મારી એકલતા દૂર થાય છે. હું ત્યાં રહેતા બીજા લોકો સાથે વાતચીત કરું છું. અમને બધાને ત્યાં હંમેશા ગરમ ભોજન મળે છે તેમજ ત્યાં અમે વિવિધ પ્રવૃત્તિઓ પણ કરીએ છીએ જેમકે કસરતો કરવી , કેરમ રમવું વગેરે. ક્યારેક ક્યારેક તો ભજનોનો કાર્યક્રમ હોય છે જેમાં હું ભજનો પણ ગાઉં છું. ત્યાં દરરોજ સમાચારપત્રો પણ અમને વાંચવા મળે છે. અમારા વૃધ્ધાશ્રમના કર્મચારીઓ અમારી ખૂબ સંભાળ રાખે છે તેમજ અમને કોઈ નુકશાન ન થાય તેની ખાતરી કરે છે. તેઓ અમારી અંગત કિંમતી વસ્તુઓને પણ સાચવે છે. આનાથી વધારે મારે બીજું શું જોઈએ ? મારા જીવનની સાંજની પળો આનંદથી વીતે છે."

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૩

ફકરો -૧

નીચે આપેલાં દરેક અધૂરાં વાક્યોને વાંચો.

[૬ ગુણ]

| |
|---|
| ૧. ... કુટુંબનું પાલનપોષણ કરે છે. |
| ૨. ....સાચો રસ્તો દેખાડે છે . |
| ૩. ... સારા લોકો બને . |
| ૪. ... યાત્રા કરાવે . |
| ૫. ... **સન્માનના હકદાર છે.** |
| ૬. કુટુંબના સંતાનોને મળે છે. |
| ૭. ... બહુજ ઊચું છે. |
| ૮. ... નાણાં આપે છે. |

નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.

(ક) ભારતીય પરિવારોમાં વડીલોનું સ્થાન ...... ☐ [૧]

(ખ) વડીલો નિસ્વાર્થભાવે ....... ☐ [૧]

(ગ) ઉત્તમ ગુણો તથા શુભાઆશિષો ....... ☐ [૧]

(ઘ) વડીલો ઈચ્છે છે કે તેમના બાળકો ....... ☐ [૧]

(ચ) ભારતીય મુરબ્બીઓ **તેમના** બાળકોને ....... ☐ [૧]

(છ) સમાજમાં વડીલો તથા વૃધ્ધો ....... ☐ [૧]

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૪**

**ફકરો - ૧**

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.**

[૯ ગુણ]

**(ક)** મધ્ય સ્થાન .................................................................... [૧]

**(ખ)** આશા .................................................................... [૧]

**(ગ)** દિશાસૂચન .................................................................... [૧]

**(ઘ)** જીવનમૂલ્યો .................................................................... [૧]

**(ચ)** શ્રેષ્ઠ .................................................................... [૧]

**(છ)** અર્પણ .................................................................... [૧]

**(જ)** હંમેશાં .................................................................... [૧]

**(ઝ)** ઉત્તેજન .................................................................... [૧]

**(ટ)** અગત્યતા .................................................................... [૧]

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૫**

**ફકરો ૨**

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

ઘણા પરિવારોમાં સવારના પહોરમાં ઘરના મુરબ્બીઓને (ક) ........................ **[૧]**. રિવાજ છે. ઘરના નાના સભ્યો હંમેશાં તેમના વડીલોનો (ખ) .................. **[૧]** લે છે. વૃધ્ધાવસ્થામાં ક્યારેક ઘરના કોઈ વ્યક્તિ બિમાર પડે છે અથવા તેમની (ગ) ................ **[૧]** પણ ખલાસ થઈ જાય છે. આથી સમાજ એવી (ઘ) ................ **[૧]** રાખે છે કે આવા વડીલોની સારી રીતે (ચ) .......................... **[૧]** તેમના પરિવાર દ્વારા રાખવામાં આવે.

**સવાલ ૬**

**ફકરો ૩**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે તમારા પોતાના શબ્દોમાં પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** કામ તથા શિક્ષણને કારણે ભારતીય પરિવારો ............................................................. **[૧]**

**(ખ)** યુ.કે.માં અન્યની સરખામણીમાં એશિયન લોકો માટેના ..................................................... **[૧]**

**(ગ)** જેઓ વૃધ્ધોનું ધ્યાન રાખતા હોય તેમને ......................................................મળે છે. **[૧]**

**(ઘ)** બીમાર વૃધ્ધોને એવી ..........................................આપવામાં આવે છે જેથી તેમની પરંપરા સચવાઈ રહે. **[૧]**

**(ચ)** ક્યારેક બીમાર વડીલોને નર્સિંગ હોમમાં મૂકવાં પડે છે કારણકે ............................. નથી હોતો. **[૧]**

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૭

ફકરો ૪

**નીચે આપેલા સવાલોના જવાબ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં લખો.** [૧૦ ગુણ]

**(ક)** (i) આજકાલ બધાને મૂંઝવતો સહુથી મોટો પ્રશ્ન ક્યો છે ?

............................................................................................................................[૧]

(ii) શા માટે? **બે** કારણો આપો .

............................................................................................................................

............................................................................................................................[૨]

**(ખ)** આપણે ઘરડાં લોકો પ્રત્યેની સામાજીક જવાબદારી કઈ રીતે નિભાવી શકીએ તે સમજાવો.

............................................................................................................................

............................................................................................................................[૨]

**(ગ)** જગદીશભાઈના મતે વૃધ્ધાશ્રમમાં તેઓ પોતાનું શારીરિક અને માનસિક આરોગ્ય કઈ રીતે જાળવે છે ? **ત્રણ** વિગતો આપો.

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................[3]

**(ઘ)** જગદીશભાઈ પોતે જ્યાં રહે છે તે વૃધ્ધાશ્રમને તેઓ શા માટે સલામત ગણે છે ?

............................................................................................................................

............................................................................................................................[૨]

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ " ચાલો કુદરત તરફ પાછા વળીએ " પર આધારિત છે.**

**ગુજરાતના "પર્યાવરણ બચાવો જૂથ"ની વેબસાઈટ પર પ્રકાશિત થયેલો આ લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ચાલો કુદરત તરફ પાછા વળીએ.**

૧ આજનો માનવ એમ માને છે કે આધુનિક વિજ્ઞાનની મદદથી તે વિકાસની દોડમાં સહુથી આગળ નીકળી ગયો છે. તેની પ્રગતિના માર્ગ પર જે કોઈ આવ્યું તેનો નાશ કરીને તે આગળ વધતો ગયો. સત્તા અને સંપત્તિની ભૂખ સંતોષવા આગળ વધતો માનવ દીર્ઘ દ્રષ્ટિ રાખવાને બદલે પોતાનીજ બનાવેલી જાળમાં ફસાઈ ગયો છે.

૨ અમે સહુ "પર્યાવરણ બચાવો જૂથના" કાર્યકર્તાઓ દ્રઢપણે માનીએ છીએ કે પોતાના સ્વાર્થ માટે માણસ જંગલો બાળે છે, મોજશોખ માટે પ્રાણીઓની હત્યા કરે છે. જ્યાં જુઓ ત્યાં ધૂમાડા ફેંકતા વાહનો તથા કારખાનાઓ દેખાય છે અને યંત્રોની બોલબાલા છે. પૃથ્વીનું હવામાન ગરમ થઈ રહ્યું છે. આથી કુદરતે પણ હવે આ નિર્દય થઈ ગયેલા માનવોને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હોય તેમ સમગ્ર વિશ્વમાં કુદરતી હોનારતો થઈ રહી છે જેવી કે ધરતીકંપ, વિનાશક વાવાઝોડાં, જ્વાળામુખીઓની આગ, દુકાળ, અતિવૃષ્ટિ અને જીવલેણ રોગોનો ફેલાવો.

3 એટલે જ હવે સમજાઈ રહ્યું છે કે જો આપણે આપણી ભૂલ સુધારવા માટે તાત્કાલિક કોઈ પગલાં નહીં લઈએ તો આપણી આવનારી પેઢીઓનું ભવિષ્ય અંધકારમય બની જશે. ભારતીય સંસ્કૃતિમાં ગાય જેવા પ્રાણી, તુલસી, વડ કે પીપળા જેવા છોડવા તથા વૃક્ષોને બહુ સમજી વિચારીને મહત્વ આપવામાં આવ્યું છે કારણકે વિશ્વમાં જીવોના એકબીજા સાથેના તેમજ આસપાસની પરિસ્થિતિ સાથેના સંબંધોમાં સમતુલન જાળવવા (Ecological balance) માટે આ બધાજ અગત્યનો ભાગ ભજવે છે. આથી હવે ઘણા લોકો એમ માનતા થયા છે કે કુદરત તરફ પાછા વળવામાં જ શાણપણ છે.

૪ આથી અમને લાગે છે કે દુનિયાભરમાં માનવ જાતના ઉજ્જવળ ભવિષ્ય માટે જે અવનવા પગલાં લેવાઈ રહ્યાં છે તે ઘણી સારી વાત છે. ઘણા દેશોની સરકારો પણ પર્યાવરણના રક્ષણ માટે મદદ કરી રહી છે જેમકે ખાધ્ય પદાર્થોના સડેલા કચરાનો ખાતર તરીકે ઉપયોગ કરવો

© OCR 2017

www.xtrapapers.com



તથા જંતુનાશક દવાઓ વાપર્યા વગરની ખેતીને ઉત્તેજન આપવું. તે ઉપરાંત વસ્તુઓનો પુનઃઉપયોગ, શહેરી આયોજનના ભાગરૂપે સાયકલોના વપરાશને તેમજ જાહેર વાહન વ્યવહારને ઉત્તેજન આપવું તથા ધૂમાડાથી થતા પ્રદૂષણને અટકાવવા ગાડીઓના પ્રવેશ પર નિયંત્રણો મૂકવા વગેરે સરકારી નીતિઓનું પણ અમે સમર્થન કરીએ છીએ. કેટલાક દેશોમાં તો વન્ય સૃષ્ટિને બચાવવા માટે ઝાડ કાપવા પર તથા સંરક્ષિત પ્રાણીઓના શિકાર પર પ્રતિબંધ મૂકી, ગુનેગારોને સજા પણ કરવામાં આવે છે.

બ્રાઝિલ દેશના કુરિટિબા શહેરમાં (Curitiba city) આવેલા ખુલ્લા મેદાનોમાં તો ઘાસ કાપવા માટે યંત્રોને બદલે ઘેટાંઓનો ઉપયોગ કરવામાં આવે છે. આમ કરવાથી કુદરતી રીતે ઘાસ કપાઈ જાય છે તથા પર્યાવરણને નુકસાન પણ નથી થતું, તેમજ ઊર્જાની બચત સાથે ઘેટાંઓને ખોરાક પણ મળી રહે છે. આપણે પણ સ્થાનિક સ્તરે સૂર્યશક્તિ, વાયુશક્તિ તેમજ જળશક્તિનો બચાવ કરી તથા તેનો કાળજીપૂર્વક ઉપયોગ કરી આપણી પૃથ્વીની રક્ષા કરી શકીએ. અમારું પણ એ જ માનવું છે કે જો આપણે બદલાવ લાવવો હોય તો સહુથી પહેલાં આપણા વિચારોમાં પરિવર્તન લાવવું જરૂરી છે. જેથી આપણે પણ સ્થાનિક સ્તરે આવાં પગલાં લઈ આપણા પર્યાવરણની રક્ષા કરી શકીએ.

© OCR 2017

www.xtrapapers.com



**Task 8: Transfer of meaning**

ફકરો ૧

**Transfer into ENGLISH the meaning of the first paragraph from:**

આજનો માનવ એમ માને છે .................... **to** જાળમાં ફસાઈ ગયો છે.

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**

**[10 marks]**

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

....................................................................................................................................................

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૯**

**ફકરો ૨**

**ખાલી જગ્યાઓને લેખ પ્રમાણે પૂરવા તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.**

**[૬ ગુણ]**

અમારું માનવું છે કે મનુષ્યો અંગત હેતુ માટે **(ક)**......................... સળગાવે છે, તથા આનંદપ્રમોદ

માટે પશુઓને **(ખ)**........................... વાહનો તથા કારખાનાઓમાંથી **(ગ)**....................... છે.

યંત્રોનો **(ઘ)**.............................. વધી ગયો છે . ધરતીની **(ચ)**..................... રહી છે , પ્રાકૃતિક

આફતોના.**(છ)**.......................................... બની રહ્યાં છે.

**સવાલ ૧૦**

**ફકરો ૩**

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** ભૂલ સુધારવા

...................................................................................................................................**[૧]**

**(ખ)** ભવિષ્ય અંધકારમય બની જશે

...................................................................................................................................**[૧]**

**(ગ)** સમજી વિચારીને

...................................................................................................................................**[૧]**

**(ઘ)** આસપાસની પરિસ્થિતિ

...................................................................................................................................**[૧]**

**(ચ)** સમતુલન જાળવવા

...................................................................................................................................**[૧]**

**(છ)** શાણપણ છે.

...................................................................................................................................**[૧]**

© OCR 2017

www.xtrapapers.com



**સવાલ ૧૧**

**ફકરો – ૪ અને ૫**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.** [૧૦ ગુણ]

(ક) "પર્યાવરણ બચાવો જૂથ"ના અભિપ્રાય મુજબ પર્યાવરણનું રક્ષણ કરવું શા માટે જરૂરી છે ?

........................................................................................................................[૧]

(ખ) કૃષિ તરફનો સરકારોનો અભિગમ કેવો છે તે સમજાવો.

(i) ........................................................................................................................

(ii) ........................................................................................................................[૨]

(ગ) શા માટે સારી નગર યોજના બહુજ જરૂરી હોય છે ?

(i) ........................................................................................................................

(ii) ........................................................................................................................[૨]

(ઘ) કાયદાઓ પર્યાવરણનું રક્ષણ કરવામાં મદદરૂપ થાય છે તેમ કઈ રીતે કહી શકાય ?

........................................................................................................................

........................................................................................................................[૨]

(ચ) આ જૂથના મત મુજબ બ્રાઝિલ દેશના નાગરિકોએ કુદરતી સાધનસંપત્તિનો સમજદારીપૂર્વક ઉપયોગ કર્યો છે એમ કઈ રીતે કહી શકાય ?

........................................................................................................................[૧]

(છ) "પર્યાવરણ બચાવો જૂથ"ના અભિપ્રાય મુજબ કુદરતના રક્ષણ માટે શું જરૂરી છે ?

........................................................................................................................

........................................................................................................................[૨]

© OCR 2017

www.xtrapapers.com



## SECTION C – Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં કોઈ પણ દેશમાં વસેલા ગુજરાતી ભાષા બોલતા સમાજને લગતા દાખલા અને માહિતીનો સમાવેશ થવો જોઈએ.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

સવાલ ૧૨ સમાજ: કાયદો અને સુરક્ષા
"સમાજને હથિયારોથી થતા ગુનાઓ કરતાં પણ વધારે ખતરો ઈન્ટરનેટને લગતા ગુનાઓથી છે."
તમે કેટલી હદે આ નિવેદન સાથે સહમત થાઓ છો ? ગુજરાતી બોલતા સમાજને સંબંધિત મુદ્દાઓનો સમાવેશ કરી તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

સવાલ ૧૩ સમાજ: એકતા અને અલગતા
અન્ય દેશોના ગુજરાતી/ ભારતીય યુવકો તથા યુવતીઓને યુ.કે. આવીને સ્થાયી થતાં સમય લાગે છે તેના કારણો તથા ઉપાયો જણાવતો એક લેખ તમારા સમાજના બ્લોગ પોસ્ટ માટે લખો.

સવાલ ૧૪ પર્યાવરણ: પ્રદૂષણ અને સ્વચ્છતા
"પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણા સહુનું કર્તવ્ય છે."
તમે આ નિવેદન સાથે કેટલે અંશે સહમત થાઓ છો? દાખલા તરીકે, ગુજરાતી સમાજના લોકોમાં પ્રદૂષણ તથા સ્વચ્છતા સંબંધી માન્યતાઓ તથા પર્યાવરણના બચાવ માટે ક્યા પગલાંઓ લઈ શકાય તે વિશે લખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

© OCR 2017

www.xtrapapers.com



સવાલ ૧૫ પર્યાવરણ: ઊર્જા બચાવ

તમારી સ્થાનિક કાઉન્સિલે તમને ગુજરાતી સમાજ માટે એક પત્રિકા બહાર પાડવા કહ્યું છે જેમાં કુદરતી ઊર્જાના બચાવ વિશે તથા વૈકલ્પિક ઊર્જા સ્તોત્રોના વપરાશ વિશે લખો. આ માટે શું કરવું જોઈએ તે જણાવો તેમજ  આમ કરવાથી થતા ફાયદાઓ સમજાવો.

સવાલ ૧૬ વિજ્ઞાન અને ટેકનોલોજી: તબીબી સંશોધન

"માનવીય રોગોનો ઈલાજ શોધવા માટે પ્રાણીઓ પર અખતરા કરવા યોગ્ય નથી."

તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ગુજરાતી લોકોની ખાસિયત, ધાર્મિક તથા સાંસ્કૃતિક માન્યતાઓ તેમજ કુદરતી ઔષધીઓને ધ્યાનમાં રાખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

સવાલ ૧૭  વિજ્ઞાન અને ટેકનોલોજી: ટેકનોલોજીનો વિકાસ

"આપણા કામો, મનોરંજન તથા એશઆરામ માટેની બધી જરૂરિયાતો યંત્રો પૂરી પાડે છે" એ વિષય પર તમે એક બ્લોગપોસ્ટ લખો . તેમાં દુનિયામાં ચારે ખૂણે વસતા ગુજરાતી સમાજોની જીવન શૈલીને ધ્યાનમાં રાખીને તમારા વિચારો દર્શાવી તેનું સમર્થન કરો.

સવાલ ૧૮ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત."

સમગ્ર દુનિયામાં પથરાયેલો ગુજરાતી સમાજ કઈ રીતે પોતાની આગવી ઓળખ ઊભી કરે છે તે ભાષા, નૃત્ય, કળા, સાહિત્ય, તહેવારો, પરંપરાઓ વગેરે દાખલાઓનો નિર્દેશ કરીને સમજાવો તથા તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

સવાલ ૧૯ સંસ્કૃતિ: રાજકારણ

ગુજરાતી સમાજ માટે કોઈપણ એક અગત્યની વ્યક્તિ વિશે લેખ લખો અને જણાવો કે યુ.કે.નો સમાજ તેમની પાસેથી શું શીખી શકે અને શા માટે?

**[Relevance and point of view: 10 marks]**

**[Structure and analysis: 15 marks]**

**[Quality of language: 20 marks]**

© OCR 2017

www.xtrapapers.com



**For candidates use: Question no.**

© OCR 2017

www.xtrapapers.com



**For candidates use: Question no.**

**END OF QUESTION PAPER**

© OCR 2017

